ગાંધીનગર સમાચાર

# ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા વડીલો સાથે પર્વોની ઉજવણી





ગાંધીનગર, તા. ૧૯

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સ્વતંત્રતા દિવસ અને રક્ષાબંધનનાં પવિત્ર તહેવારની ઉજવણી કૈલાસધામ, પેથાપુર ખાતે વડીલો વચ્ચે રહી કરવામાં આવી જેમાં ખૂબ મોટી સંખ્યામાં રોટરી સભ્યો પરિવાર સહીત ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારીઝ સંસ્થામાંથી મનીષાદીદી, મીરાદીદી અને આરતીદીદીએ ઉપસ્થિત રહી સહુ વડીલો અને રોટરી પરિવારજનોને મોં મીઠું કરાવી રાખડી બાંધી હતી. સાથે વ્યસનમુક્તિ, પર્યાવરણ જાળવણી, કુરિવાજથી દૂર રેહવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. કાર્યક્રમના અંતે કૈલાસધામનાં સૌ વડીલોને રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા જીવનજરૂરિયાતની વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



ગેબાભાઈ કે પટેલ
મો. ૯૯૦૪૭ ૮૦૩૪૭



વાસુ આર ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



પ્રિયંકા પરમાર



ઉત્તરા રાજેશકુમાર દુલેરા
મો. ૭૨૨૬૯ ૫૩૫૬૦

### ગૂજરાત વિદ્યાપીઠ શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાના

# એસએસએસ એકમ દ્વારા સ્વચ્છતા પખવાડિયું ઉજવાયું



ગાંધીનગર, તા. ૧૯

શારીરિક શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા પ્રોગ્રામ ઑફિસર નીરજ સીલાવટની આગેવાનીમાં સ્વચ્છતા પખવાડિયાનું આયોજન ઉત્સાહી રીતે કરવામાં આવ્યું હતું. ડૉ. નૈનેશભાઈ વસાવા દ્વારા આ પ્રસંગે સ્વચ્છતા અને સ્વચ્છ ભારત અભિયાન વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ડૉ. પ્રભુલાલ કાસુન્દરા દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને મનની સ્વચ્છતા વિષયે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

એનએસએસ સ્વયંસેવકો દ્વારા મોતીપુરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સ્વચ્છતા માટે શપથ પણ લેવડાવ્યા હતા.

મનોજભાઈ જોષીએ જળ સંચયની વિવિધ તરકીબો સ્વયંસેવકોને સમજાવી હતી અને સ્વયંસેવકોએ આ વિશે ગ્રામલોકો સાથે વાત કરી તેમને જળસંચય, સંરક્ષણ માટે જાગૃત કર્યા હતા. સ્વયંસેવકો માટે મચ્છરોથી થતા રોગો અને તેનાથી બચવાના ઉપાયો અંગે પણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડૉ. નૈનેશભાઈ વસાવા દ્વારા વિદ્યાર્થીઓને સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# એસ. કે. પટેલ સ્કૂલમાં 'રાખી મેકિંગ' કાર્યક્રમ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ. કે. પટેલ સ્કૂલમાં 'રાખી મેકિંગ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં શિક્ષકોએ અવનવા શેપ કટિંગ કરીને આપ્યા હતા, અને તેની અંદર બાળકોએ ડેકોરેશન કરીને જાતે રાખડી બનાવાનો આનંદ લીધો હતો. જાતે બનાવેલી રાખડી બહેનોએ ભાઈઓને બાંધી હતી તેમજ ભાઈને કુમકુમ તિકલ કરીને ચોકલેટ ખવડાવી હતી. આચાર્ય દિપાલી જોશીએ બાળકોની સાથે રહી તેમનો પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



૭૩મા સ્વાત્રંત પર્વની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી પ્રસંગે કલોલ ખાતે ગાંધીનગરના યુવાન તિર્થરાજસિંહ જાડેજાનું વન્ય જીવો અને પર્યાવરણ સંરક્ષણની વિશિષ્ટ સેવા બદલ વિશિષ્ટ સિદ્ધિ પુરસ્કારથી સન્માન થયું હતું. રાજ્યના મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ, ગાંધીનગર કલેક્ટર એસ કે લાંગા તથા અધિક કલેક્ટર હનુમંતસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં તેમને આ સન્માન એનાયત થયું હતું.




ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી સહયોગ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સેક્ટર ૩-એ ન્યુ ખાતે સ્વાતંત્ર્ય દિન સાથે રક્ષાબંધન તહેવારે ભાતીગળ લોક ડાયરો યોજાયો હતો. 'રંગ કસુંબલ' લોક ડાયરાનો દિપ પ્રાગટ્ય દ્વારા પ્રારંભ સેક્ટર ૩-એ ન્યુ વસાહત પ્રમુખ જયેશભાઈ આગજા તેમજ નગરના પ્રસિદ્ધ ગાયક કિરીટભાઈ અગ્રાવતે કરાવ્યો હતો. સુલોચનાબેન વ્યાસ, રાજુભાઈ શ્રીમાળી, નાગરભાઈ પ્રજાપતી, શીતલબેન પટેલ, સંજયભાઈ તન્ના, કિરીટભાઈ અગ્રાવતે દેશ ભક્તિનાં ગીતો, લોકગીતો તેમજ રક્ષાબંધનનાં ગીતોની રજૂઆત કરી પ્રેક્ષકોનાં મન મોહી લીધાં હતાં. પ્રસિદ્ધ કલાકાર હિમાંશુ ભચેચે મંચ સંચાલન તેમજ રમૂજ દ્વારા લોક ડાયરાને ભાતીગળ બનાવી દીધો હતો.

# રાંધેજા વિદ્યાપીઠ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ



ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજાનાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા 'વૃક્ષારોપણ' કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા રાંધેજા ગામમાં, સ્મશાનમાં, મંદિરમાં અને પરિસરમાં વિવિધ પ્રકારના રોપાનું વૃક્ષારોપણ કાર્ય કર્યુ. તેમજ આજુબાજુના માણસોને તેનું જતન કરવા માટે લોક જાગૃતિનું કાર્ય કર્યુ છે. મ.દે. ગ્રામસેવા સંકુલના સંયોજક ડૉ. રાજીવ પટેલે સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. હસમુખ પંચાલ દ્વારા કરવામાં આવ્યો હતો.



સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સૅક્ટર-૨૪ અને નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સૅક્ટર-૨૪ ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન નેહરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાંત સુથાર અને સંજીવ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે સદ્‌ભાવના વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વેશભૂષા અને સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમને નેહરુ યુવા કેન્દ્ર તરફથી પુરસ્કારો અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સ્વામી વિવેકાનંદ સ્કૂલને રમતગમતની કિટ પણ નેહરુ યુવા કેન્દ્ર તરફથી ભેટ આપવામાં આવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં પર્વ ઉજવણી




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ રક્ષાબંધન ઉત્સવ શામળાજી વિસ્તારની પાંચ શાળાઓમાં ઉજવવામાં આવ્યો હતો. ગોઢ, ત્રેપન છાપરા, ગંભીરપુરા, છાત્રેશ્વરી અને વાંટડા શાળામાં સંસ્થાના ઉપક્રમે રક્ષાબંધન પર્વ પરંપરાગત રીતે ઉજવાયું હતું. આ ઉપરાંત નાસ્તા માટેના બાઉલ, નોટબુક, સ્કેચપેન, ચોપડા, પેન્સિલ સેટ, નાસ્તો, બિસ્કીટના પેકેટ, કંપાસ બોક્સનું વિતરણ પણ વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકો ઉપરાંત ગામેતીભાઈ અને યોગેશભાઈનો સહકાર આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થયો હતો.

સંસ્થા તરફથી માધવ માવલંકર અને મિલિન્દભાઈના હસ્તે આ સેવાકાર્યો સંપન્ન કરવામાં આવ્યાં હતાં.

# નિરામિષાહાર

જીવનમાં જેમ જેમ ત્યાગ અને સાદાઈ વધ્યાં અને ધર્મજાગૃતિ વધી તેમ તેમ નિરામિષાહારનો અને તેના પ્રચારનો શોખ વધતો ગયો. પ્રચારનું કામ મેં એક જ રીતે કરી જાણ્યું છેઃ આચારથી અને આચારની જોડે જિજ્ઞાસુ સાથે વાર્તાલાપથી.




જોહાનિસબર્ગમાં એક નિરામિષાહારી ગૃહ હતું. તે એક જર્મન જે ક્યુનીના જલોપચારને માનનારો હતો, તે ચલાવતો હતો. ત્યાં જવાનું મેં શરૂ કર્યું ને જેટલા અંગ્રેજ મિત્રોને ત્યાં લઈ જઈ શકાય તેટલાને તેને ત્યાં લઈ જતો. પણ મેં જોયું કે આ ગૃહ લાંબો સમય નહીં ચાલે. તેને પૈસાની તંગી તો તેમાં રહ્યા જ કરતી. મને યોગ્ય લાગી તેટલી મદદ મેં તેને કરી. કંઈક પૈસા ખોયા પણ ખરા. છેવટે તે બંધ થયું. થિયૉસૉફિસ્ટ ઘણા નિરામિષાહારી હોય છે. કોઈ પૂરા, કોઈ અધૂરા. આ મંડળની એક બાઈ સાહસિક હતી. તેણે મોટા પાયા ઉપર એક નિરામિષાહારી ગૃહ કાઢ્યું. આ બાઈને કલાનો શોખ હતો. ખર્ચાળ સારી પેઠે હતી, અને હિસાબનું બહુ ભાન નહોતું. તેનું મિત્રમંડળ ઠીક પ્રમાણમાં ગણાય. પ્રથમ તો એનું કામ નાના પાયા ઉપર શરૂ થયું, પણ તેણે તેમાં વધારો કરવાનો ને મોટી જગ્યા મેળવવાનો નિશ્ચય કર્યો. આમાં મારી મદદ માગી. તે વેળા તેના હિસાબ વગેરેની મને કશી ખબર નહોતી. તેની ગણતરીઓ યોગ્ય હશે એમ મેં માની લીધું. મારી પાસે સગવડ હતી. ઘણાં અસીલોનાં નાણાં મારી પાસે રહેતાં. તેમાંના એકની રજા લઈ તેનાં નાણાંમાંથી લગભગ એક હજાર પાઉંડ આપ્યા. આ અસીલ વિશાળ હૃદયનો અને વિશ્વાસુ હતો. તે પ્રથમ ગિરમીટમાં આવેલો. તેણે કહ્યું, 'ભાઈ, આપકા દિલ ચાહે તો પૈસે દે દો. મૈં કુછ ના જાનૂં. મૈં તો આપ હી કો જાનતા હૂં.' તેનું નામ બદ્રી. તેણે સત્યાગ્રહમાં ઘણો મોટો ભાગ લીધો હતો. તેણે જેલ પણ ભોગવી હતી. આટલી સંમતિ ઉપરથી મેં તેના પૈસા ધીર્યા. બેત્રણ માસમાં જ મને ખબર પડી ગઈ કે આ પૈસા પાછા નહીં આવે. આટલી મોટી રકમ ખોવાની મારી શક્તિ નહોતી. મારી પાસે એટલા પૈસાનો બીજો ઉપયોગ હતો. પૈસા પાછા ન જ આવ્યા. પણ વિશ્વાસુ બદ્રીના પૈસા જાય કેમ? તેણે તો મને જ જાણ્યો જ હતો. એ પૈસા મેં ભરી આપ્યા.

એક અસીલ મિત્રને મેં આ પૈસાની ધીરધારની વાત કરેલી. તેમણે મને મીઠો ઠપકો આપી જાગ્રત કર્યો :

'ભાઈ, (દક્ષિણ આફ્રિકામાં હું 'મહાત્મા' નહોતો બન્યો, 'બાપુ' પણ નહોતો થયો. અસીલ મિત્રો મને 'ભાઈ' કહીને જ બોલાવતા.) આ કામ તમારું નથી. અમે તો તમારે વિશ્વાસે ચાલનારા. આ પૈસા તમને પાછા નથી મળવાના. બદ્રીને તો તમે બચાવી લેશો ને તમારા ખોશો. પણ આવાં સુધારકના કામમાં બધા અસીલોનાં પૈસા આપવા માંડો તો અસીલ મરી રહે ને તમે ભિખારી બનો ને ઘેર બેસો. તેમાં તમારું જાહેર કામ રખડે.'

સુભાગ્યે આ મિત્ર હયાત છે. દક્ષિણ આફ્રિકામાં ને બીજે તેમનાં કરતાં સ્વચ્છ માણસ મેં બીજો જોયો નથી ભાળ્યો. કોઈને વિષે પોતાના મનમાં શક આવે તો, ને તે ખોટો છે એમ તેમને લાગે કે તરત જ, સામેના માણસની તુરત માફી માગી પોતાનો આત્મા સાફ કરે. મને આ અસીલની ચેતવણી ખરી લાગી. બદ્રીના પૈસા તો હું ભરી શક્યો, પણ બીજા હજાર પાઉંડ તે જ વેળા ખોયા હોત તો ભરી આપવાની મારી મુદ્દલ શક્તિ નહોતી ને મારે કરજમાં જ પડવું પડત. અને એ ધંધો મેં મારી જિંદગીભરમાં નથી કર્યો ને તે તરફ મને હંમેશા ભારે અણગમો રહ્યો છે. મેં જોયું કે સુધારા કરવાને ખાતર પણ પોતાની શક્તિ બહાર ન જવું ઘટે. મેં એમ પણ જોયું કે આ ધીરધાર કરવામાં મેં ગીતાના તટસ્થ નિષ્કામ કર્મના મુખ્ય પાઠનો અનાદર કર્યો હતો. આ ભૂલ મારે સારુ દીવાદાંડી થઈ પડી.

નિરામિષાહારના પ્રચારને સારુ આવું બલિદાન કરવાનું મારી કલ્પનામાં નહોતું. મારે સારુ એ પરાણે પુણ્ય થઈ પડ્યું.

**'સત્યના પ્રયોગો'માંથી સાભાર**